શ્રી નવીન

સરદારબા.

નાટક-ગાયનો.

"શ્રી દેશી નાટક સમાજ" માટે

રચનાર,

મરહુમ સાક્ષર શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી. ઝવેરી.

પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી ઇંદુલાલ હસમુખરામ ધોળશાજી.

અમદાવાદ

ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસ.

સલાપોસના દરવાજે





સાક્ષર. ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી
પ્રસિદ્ધ નાટકકાર, દેશીનાટકસમાજના માલેક.

શ્રી નવીન.

સરદારબા નાટકનાં ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત.

શ્રી દેશી નાટક સમાજને માટે.

રચનાર,

સાક્ષર શ્રી ડાહ્યાભાઈ ઘોળશાજી. ઝવેરી.

પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી. ચંદુલાલ દલસુખરામ ઘોળશાજી.

આવૃત્તિ ૭ મી.

અમદાવાદ,

"ડાયમંડ જ્યુબીલી પ્રીંટીંગ" પ્રેસમાં

દેવીદાસ છગનલાલ પરીખે છાપ્યાં.

સવંત ૧૯૫૯—સને ૧૯૦૩

કીમ્મત રૂ. ૦-૨-૦ (બે આના.)

શ્રી દેશી નાટક સમાજના મરહુમ માલેક સાક્ષર શ્રી ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરીએ પોતાની મરણ ઘડીએ બનાવેલા ભજનો.

જન્મ સંવત ૧૯૨૩ ફાગણ વદ ૧૪.
મરણ સંવત ૧૯૫૮ ના ચૈતર વદ ૮.

૧

પ્રભુ હું જેવો તેવો પણ ત્હારો, મને રંકને પાર ઉતારો–નાથ હું.
જોગ ધ્યાનને જપ તપ તિરથ, નાથ નથીરે નીપજતા;
મનડું પાપી મારે કુદકા, ભગવત તુજને ભજતાં–નાથ હું૦
મધ્ય દરિયે જીવ મચ્છ મુઝાણો, તૃષ્ણાને નથી તજતો;
સામુ ભાળે કાળ ખડો પણ, નફ્ટ નથી કાંઈ સજતો–નાથહું.
અંતરની દુગ્ધાને વારે, તન મન વ્યાધી ટાળે;
દેવ દયા નિધિ નવીન પાપીને, આપ વિના કોણ તારે–નાથ.

૨

ગોથાં ખાય છે શીદને, હજુ જગનાથને ભજને;
અવધ બહુ ભાસતી ઓછી, કરીશ નહિ છાતીરે પોચી––
ધન જન જોબન નારી નીરખી. ચોધારે નીર ઢાળેરે;
આંસુથી સાગર ભરતાં પણ, કોણ કાળને વારે–હજુ જગનાથ.
ડા'પણ દરિયો વાત વિસામો, માણેક મીત્ર ક્યાં મળશો રે;
જજો જહાંનમમાં રાજ્ય જગતનું, વાત વિસામોનટળજો-હજુ.
એકલડો જન્મ્યો છું જીવડા, જાવાનો એકલડો રે;
બધી બગાડીશ બાજી ભુંડા, ચિંતવતાં એકલડો-હજુ જગના.

બંધુ બાંધવ દોસ્તો નોકર, છે પંખીનો મેળોરે;
વધતાં ઘટતાં વાર ન લાગે, જેમ વરશ્યાનો વ્હેળો-હજુ જગ.
કર મરદાઈ ચેતન જીવને, માયાથી કર અળગોરે;
સ્વાર્થ વીણ તારણમાં તત્પર. દીન બંધુને વળગો-હજુ જગ.
પતિત પાવન અધમ ઉધારણ, નવીન પાતકી ત્હારોરે,
નાથ કૃપા કરી પાપ ઘાણીથી, પીલાતો ઉગારો-હજુ જગ૦

૩

ડા'પણ ત્હારૂં જાણ્યુંરે, ડાહ્યા, ડાહ્યો તું થા માં;
જ્ઞાન સુધારસ મુકી આખર, માયા વિષ્ટા ચાહમાં-ડા'પણ૦
રંગ રાગથી રીઝે ઘડીમાં, ઘડી વૈરાગે ઝુઝે;
તાણા તાણુથી પાપી ચેતન, રઘવાયો તુ થા માં—ડા'પણ૦
ચેતન જાણે ચડું ગગનમાં, મન પકડી પટકે છે;
ધીરે ધીરે સાધ સાધના, આખો લાડુ ખા માં—ડા'પણ૦
નવીન બાપડા નાથ ચરણ ધર, આડો અવળો જામાં,
દીનબંધુમાં રાખ્ય ભરૂસો, ખાલી ખાસડાં ખા માં-ડા'પણ૦
મનજી મીત્ર ઘડી માફ રાખ્યને, બાપ પગે પડી વિનવું;
છોડય નાડયને હવે અનાડી, પાતક પારો પા માં—ડા'પણ૦
ધાન્ય ધરાને ધન જન રમણી, ભલા ભલાએ મુકીરે;
તારી ગતિને તું લે સુધારી, જીવ બીજામાં પરો માં-ડા'પણ.
અલખ નિરંજન ચિતઘન સંગી, ચેતન આતમ રામીરે;
પાપે ડુબી ગંગા મુકી, વૈતરણીમાં ન્હામાં—ડા'પણ.

—નવીન—

श्री परमात्मने नमः

श्री नवीन "सरदारबा" नाटकनो टुंको सार.

अंक १ लो.

मंगलाचरण.

प्र. १ लो—राणीपुरना राजा खेमराजनी कुंवरी सरदारबा पोताना बे नाना भाइओ साथे माताजीना दर्शन जंगलमां करवा आवेछे. पछीथी प्रधान आवी समाचार कहे छे के आपणा मेमान चंद्रावतीना कुमार वैरीसिंह तेमना पीतराइ सामंतसिंह साथे दर्शन सारु आवनार छे, माटे तमे जलदी दर्शन करी जजो. पछी तेना भाई मूळराजनी स्त्री रुपांदे त्यां आवेछे. हास्य विनोद गरबो सरदारबा बे साहेलीओ साथे फुल वीणवा रहे छे. गुजरातनो सुबो रहेमतखां पोताना एक सरदार रसुलखां साथे शिकार सारुं त्यां आवी चढे छे. सुबो सरदारबाने जोइ अचंपामां, एकाएक सिंह नीकळे छे. सरदारबा चीस पाडी बेभान थइ पडे छे. सुबानी गोळी खाली जाय छे. सिंह सुबानी छाती उपर चढी बेसवानी तैयारीमां; एटलामां एकाएक पुल उपरथी वैरीसिंह व्हार करी सिंहने मारे छे. सुबो बेभान थइ पडे छे. रसुलखां सुबाने उपडावी लइ जाय छे. सरदारबा तथा वैरीसिंहनो द्रष्टिराग प्रथम दर्शन.

प्र. २ जो—बदधानतना पितराई सामंतसिंहनुं कावतरुं वैरीसिंहने उधुं समजावी चंद्रावती मोकली देवानुं तदबीर जुठा कागळथी प्रधानने व्हेममां नांखवो.

प्र. ३ जो—धर्म ढोंगी गुरु राजकुमार मुळराज अने तेमना स-

રખા દોસ્તો.

પ્ર. ૪ થો—તારા નાયકા. રાજ્ય કુમારની ગમ્મત. પ્રધાનનું આ-
વવું. ગુરૂનું ફરેબ રચી ફરી જવું. પ્રધાન મુળરાજને સુ-
બાને તંબુએ મિજલસમાં લઇ જાય છે.

પ્ર. ૫ મો—સરદારબા મેળવવાની ઇચ્છા રાખતો સુબો તેનો દોસ્ત
રસુલ. મુળરાજને દારૂ પાઇ જુગારમાં જીતી તેની બ્હેન
સરદારબાનો મેળાપ માગી લેવાની મસલત.

પ્ર. ૬ ઠો—સુબાને તંબુએ મિજલસ. વૈરીસિંહને સુબાનો જીવ બ-
ચાવવા માટે ઇનામ. ખેમરાજને કહી મુળરાજ તથા ગુરૂને
રોકવા વૈરીસિંહ પ્રપંચથી રાજ્ય લેવા આવેલ છે
એમ પ્રધાન સામંતસિંહનો કાગળ આપી ખેમરાજના મ-
નમાં ઠસાવે છે. ઉસ્કેરાઈ વૈરીસિંહને શિક્ષા કરવા ખેમરા-
જનો ઠરાવ.

પ્ર. ૭ મો—જુગાર મુળરાજનું હારવું. ગુરૂને લાલચ સરદારબાના
મેળાપનો કોલ લઇ લેવો.

પ્ર. ૮ મો—સરદાર કુંવરીના બગીચામાં વૈરીસિંહ છુપે વેશે બ-
ન્નેનો મેળાપ. પ્રેમ જુદા પડતી વખતના રામ રામ. એક-
દમ ખેમરાજ આવી વૈરીસિંહને કેદ કરેછે. કુંવરીના ફો-
ગટ ફાંફાંવાલા વૈરીસિંહ કેદમાં.

પ્ર. ૯ મો—પ્રધાનનો પુત્ર ગોપાળ ગુરૂનો ચેલો તેની સ્ત્રી મણી
કજોડાંની કહાણી.

પ્ર. ૧૦ મો—મુળરાજની સ્ત્રી રૂપાંદેનો સખી સાથે વ્હાલા સંબંધી
વિચાર. મુળરાજ ઉંઘમાં સરદારબા સુબાને મેળવવાનુ બકે
છે. રૂપાંદેનો વિચાર મુળરાજનો ભેદ. રૂપાંદેનો તિરસ્કાર સુબાને

ફસાવવાવી રૂપાંદેની ગોઠવણ.

પ્ર. ૧૧ મો—સુબો તથા તેનો દોસ્ત સરદારબાને મળવાની ઇંતેજારોમાં. રૂંપાંદેની ચિઠી બુરખા પ્હેરી સરદારબાના મેળાપ સારૂ ખુશાલીમાં નિકળવું.

પ્ર. ૧૨ મો—મણી અને બદધ્યાનતનો વ્યભિચારી કુમાર મુળરાજ વ્યભિચારીને શિક્ષા

પ્ર. ૧૩ મો—સુબા તથા તેના દોસ્તનું સપડાવું હનુમાનજીનો કોપ

પ્ર. ૧૪ મો—કચેરી ઇન્સાફ. સુબાને તથા મુળરાજને માફી. જતાં જતાં વેર લેવાનો મુળરાજ તથા સુબાનો ઠરાવ. સરદારબાની વૈરીસિંહને છુટા કરવા માગણી વૈરીસિંહને છુટો કરી દેશ નિકાલ. જતાં જતાં અપકાર બદલે ઉપકાર કરી બતાવવાની પ્રતિજ્ઞા. નાચ.

અંક ૨ જો.

પ્ર. ૧ લો—સરદારબા તથા રૂપાંદે હરામી સામંતસિંહને સરદારબાનો વ્હેમમાં નાખવાનો પ્રપંચ દુષ્ટ દોસ્ત સામંત સરદારબાને પ્રેમ જાહેર કરેછે કુંવરીનો તિરસ્કાર સામંતસિંહ ફેરવી વાળે છે. સતીના પતિ સંબંધી વિચાર.

પ્ર. ૨ જો—સુબાનો વિચાર મુળરાજ સાથે મસલત.

પ્ર. ૩ જો—ખેમરાજનો વિશ્વાસુ સિપાઇ અને મુળરાજ. રાત્રે રાજ્ય મ્હેલમાં જઇ માબાપને ફસાવવાનું મુળરાજનું કાવતરૂં. નિરાધાર નાના રાજ્ય બાળકોને બંધન.

પ્ર. ૪ થો—ગુરૂ અને ગોપાળીઓ; હાથ મારવાના કિસ્સાનો ઉપદેશ.

પ્ર. ૫ મો— સરદાર રૂપાંદે દાસીઓ કેશરીયાં કરે છે. મુળરાજ અને રૂપાંદેનો વિવાદ, સતીનો ધર્મ માટે પતિ ઉપર ધા. મુળરાજ પુંઠ ફેરવી નાસે છે. રૂપાંદેનો આત્મઘાત પ્રપંચથી મુળરાજ પોતાની બ્હેન સરદારબાને ફસાવે છે. સઘળાંને કેદ કરી છાવણીમાં લઇ જાય છે.

પ્ર. ૬ ઠો—સુબો મુળરાજને કેદ કરે છે. પાપીને પાપની પ્રથમ સજા.

પ્ર. ૭ મો—સરદારબાથી સુબાની મુલાકાત સતીની ચતુરાઈ; યુક્તિથી ખશી જવું. નિરાશ થએલા સુબાનો ગુસ્સો મુળરાજ તથા રાજા રાણીને ધમકી રસુલના વચ્ચે પડવાથી સરદારબાને શોધી લાવવા મુળરાજને મોકલવો. ચાર માસની મુદત પછી ન લાવે તો સઘળાને ગરદન મારવા,

પ્ર. ૮ મો—સરદારબાની જુદાઇમાં પ્રેમ ઘેલો વૈરીસિંહ સામંત સાથે શોધમાં નીકળેલા મુળરાજ અને સીપાઇઓ.

પ્ર. ૯ મો—સરદાર જોગણુ સીપાઇઓના હાથમાં સપડાવું યુક્તિથી ખશી જવું. પાપીને પાપ ખાય છે.

પ્ર. ૧૦ મો—મુળરાજ સરદારબાનો મેળાપ. મુળરાજનું સરદારબા નાક કાપે છે. વૈરીસિંહને સિદ્ધને વેશે સરદારબાનો મેળાપનો પાઠ અને ખેમરાજને બચાવવા સિદ્ધ સાથે વૈરીસિંહની ચઢાઇ.

પ્ર. ૧૧ મો— સુબો અને કેદીઓ ગરદન મારવાની તૈયારી. કુંવરને ગરદન મારવો, સુબાનું મરણુ. મુળરાજનું બાદશાહ પાસે દિલ્લી નાસવું. સિદ્ધની ઓળખાણુ.



અંક ૩જો.

પ્ર. ૧ લો—મુરાદ બાદશાહની કચેરીમાં રહેમતખાં સુબાના મોતની ખબર મુળરાજ આપે છે. મુળરાજને લશ્કર સાથે ચ-ઢાઇ માટે બાદશાહ મોકલે છે.

પ્ર. ૨ જો—સામંતસિંહનો ગુરૂ મારફતે સરદારબાને ફસાવવાનો વિચાર વૈરીસિંહનો વ્હેમ.

પ્ર, ૩ જો—સુખો સરદારબા ગુરૂ પ્રાયશ્ચિત વૈરીસિંહની ખાતરી અને સરદારબાને ગોળીથી મારવી. સામંતસિંહના પ્રપંચ થી સરદારબાનું બચી જઇ બેભાન થઇ પડવું. મુળરાજ લશ્કર સાથે આવ્યાની ખબર. વૈરીસિંહનું ચંદ્રાવતી ચા-લ્યા જવું. સામતસિંહને મુળરાજને કેદ કરે છે. સરદારબા-ને વેશ્યાને ત્યાં વેચી દે છે.

પ્ર. ૪ થો—પ્રધાનના ઘરમાં થાપ મારવા પેઠેલ ગુરૂ ગોપાળીઓ ગુરૂને ડામ, હાથનાં કર્યાં હૈયે વાગવાં દાગીનાની પેટી લઇ ગુરૂનું નાસી જવું.

પ્ર. ૫ મો—મુળરાજ વૈરીસિંહ વ્હારે આવે છે. સામતસિંહને બચાવે છે.

પ્ર. ૬ ઠો વેશ્યાને ત્યાં સતી સરદારબા, ગુપ્ત વેષે વૈરીસિંહ. મ-નમાં પરસ્પર ઓળખાણ વેશ્યા પાસેથી કુંવરીને વૈરીસિંહ વેચાતી લે છે.

પ્ર. ૭ મો—નાયક નાયકાની ઓળખાણ અને લગ્નના કોલ.

પ્ર. ૮ મો—ગુરૂ તથા સામંતસિંહનું પોગળ.

પ્ર. ૯ મો—કેદીઓને સજા. સરદારબા તથા વૈરીસિંહના લગ્ન. ખેમરાજ વૈરીસિંહને પાટણની ગાદી આપે છે. છેવટનો આનંદ.

મુખ્ય પાત્રોનાં નામ.



ખેમરાજ ... ... રાણીપુરનો રાજા.

મુળરાજ ... ... તેનો પુત્ર.

વૈરીસિંહ ... ... ચંદ્રાવતીનો રાજ્યકુમાર.

સામંતસિંહ... ... ... તેનો પિતરાઇ તથા દોસ્તદાર.

ગોપાળીઓ ... ... ખેમરાજના પ્રધાનનો પુત્ર.

રહેમતખાં ... ... ગુજરાતનો સુબો.

રસુલખાં ... ... તેનો વિશ્વાસુ સરદાર.

ગુરૂ ... ... મુળરાજનો ઢોંગી બિદ્યા ગુરૂ.

સરદારબા ... ... ખેમરાજની પુત્રી.

રૂપાંદે... ... ... સરદારબાની ભાભી, મુળરાજની સ્ત્રી.

મણી ... ... ગોપાળીઆની સ્ત્રી.

બાદશાહ, પ્રધાન, સિપાઇઓ, દાસીઓ, વારાંગનાઓ

વિગેરે વિગેરે.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન

સરદારબા નાટકનાં ગાયનો.



મંગળાચરણ.

સૂત્રધાર—કર ધારજે કૃપાળ બાળ સ્તવન સુણી પાસ મણી
દાસ આશ પૂરણ મણી શાન્તિનાથ મહાવીર
વીતરાગ મહા ભાગ્ય—ધારજે૦
ભીષ્મ ભવ ભ્રાન્ત પાન્થ શાન્ત કરણ કાન્ત મણી
જીવ ઝાઝ ડગક ડુબતું મુનિવર ! લે ઉધારી—

(પડદામાં)

"જોની વેલી ખીલેલી પેલી બ્હેની."

નટીઓ—મધુરિ કીરતી સતીની જગ છવાઈ છે છતી
વિમળ વાસ કસ્તુરીની (૨) વચનથી નથી—મધુ૦
સ્વામી કાજ પ્રાણ આપી પામી અંતધામ
સત્ય વિજય ધ્વજ ઉડાડી કાઢી અમર નામ
તણખલાની તુલ્ય ગણ્યાં અમુલ્ય જે ઈનામ
ધન્ય ધન્ય તે સતીને (૨) પદ હું પ્રણમતી—મધુ૦

૧

સરદારબા-કુંવરો—જોની વેલી ખીલેલી પેલી બ્હેની
એની સરસ સુગંધી લેવા દેની—જોની૦

કે’ની બેની ફુલડાં આ શા, અને પેલા પંખી તમાશા
એતો રૂતુ રાજ તમાશા ભાઇ ભલે જોની જોની
હળી મળી ડાળીઓ કેવી, વળી વળી નીચી નમેલી
જાણું પ્રીતિ રસે ઝુકેલી અરસ પરસ માની લ્યોની
—જોની૦—

૨

મરહારબા-સાહેલીઓ—ગાજે ગગન ઘરરર ગગન ઘરરર
ઝબકે વીજળીઓ ઝરરર
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીનાં ચિત
ચરરર
બીની બાળા હાય અરરર, સ્વામી સોડે પેસે સરરર
—ગાજે૦

હરીયાળી ભૂમિ ભલી હરીયાળાં વળી વન
હરીયાળું સંજોગમાં
અરે વિરહે ઉઠે અગનરે સજની મદન પીડા ક્યાં કહીયે૦
બાળા રહીયેરે મનમાં મુઝાઇરે સજની—
નદીઓ ખરરર નાસતી, સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે-ચટપટ લાગેરે આવે સમે ભોગી
ભેટવારે
માતાજી મ્હેર જો કરે કુમારી કોડે કરગરે—મથ્યો
મદન મહાવીર
મદન મહાવીર—થઈએ માતાજી અમે થરરર—થઇએ
થરરર અરે અરરર—ગાજે૦

૩

સાહેલી—જોજે હો અલી ઘેલી કળી મળી ભોગી ભુંડી ડળી જા
રસની રસીલી થતાં લુટા લુટ આ વ્હાલી વિસરી જા
પ્રેમની પ્યાલિને સાહેલી ઝાલીને જોજેહાં જોજેહાં જોજે
આ વ્હાલી વીસરીજા

વ્હાલાનાં વેણુ રસીલાં નેણુ, ભભુતિ નાંખશે બ્હેન
ભભૂતિ ઘેન ભુલાવે ચેન, જોગનની શી તરફેણુ;
રસીલા સજોડે, મ્હાલો ભલે કોડે, બકે ન્હાને મોંડે,
મોઢું શું મચકોડે.

સરદાર—પ્રેમ બગીચે ભમતી ભમરી, લેતી ગુલાબ કેતકી લ્હેર
ઘડીક ગુલાબે ઘડીક કેવડે ચતુરાઈથી રસ લે ચોમેર;
તોએ ગુલાબ, એનો નવાબ
હોં બા હોં, આવ્યો ત્યારે હોય જોજે હોં—

વેરીસિંહ— ૪

વાહરે વિધાતા ધન્ય છે ધન્ય છે (૨) કેવો ઘડયો આકાર
લાવીને મૂકયો એકે ઠેકાણે સર્વ રતનનો સાર—વાહ૦
જોઈ જોઈને મોહી રહ્યો છું-વાહરે—
ચાતુર નેન તેજ પોખરાજ, આહા હોઠ લાલરે પ્રવાલ;
ચકચકીત આ હીરાકણી કે દાંત કે મોતીની માળ.
ધન્યરે કાયા કનક માહિ આવાં રતન જડનાર,
પૂરો ભાગ્યશાળી છે ભોગવનાર—વાહરે૦

સરદારબા— ૫

શાણા ગજબ ભરયું જાદુ આ શરીરમાં

તાકી અજબ મારયું તીરજો—સાહ્યબા
બાળા ડરીને પડી પાછી પ્રીત જુદ્ધમાં—શાણુ૦
કકળાટ કોયલડી કરે શું ના ગમે તું આજરે
સાકર સમા પ્રિય વેણુ છે તે શુદ્ધ સંગીત સાજરે
ઝળકે છે ઝંખાએલ જો આ ચંદ્રરે આકાશમાં
હુતો રમુજું રે રસીલા રસીક નેણુ પ્રકાશમાં
વ્હાલા અજબ વસી મોહિની આ નેણુમાં
વાલમ વીણા તમારા વેણુ જો—સાહ્યબા
રસીઆ આ રંગ બધા પ્રેમના પ્રસંગના—શાણુ૦

ચુરૂ— ૬

તુંહી તુંહી તુંહી તુંહી રામ નામ એક તુંહી તુંહી હે રામ
મફત મલીદા, ગોરી ગોરી ગોરી; મફતમાં લોક ગુલામ
હાથમાં માળા ને મૃગછાલા ટીલા ટપકાં હાહાહા—તુંહી૦
સુખીયો દુઃખીયો કોઈ નમેતો સીતારામ ચલ સીતારામ
હઠ સીતારામ
અમીર તવંગર આવી નમે તો સીતારામ જય સીતારામ
જી સીતારામ
નાજુક નાજની નમન કરે તો નારાયણુ ચલ નારાયણુ હું
નારાયણુ
કાળી કોઈ કદરૂપી નમે તો નારાયણુ ચલ નારાયણુ
ધુત નારાયણુ

હર ઘડી હરહર ખીસ્સાં ભરભર વા'રે ગુરૂ ગુરૂ રાજા
આહાહા–તુંહી—

મુળરાજ—ગુરૂ— ૭

જનમી જગમાં જેણે નવ કીધું પ્રેમ મદીરા પાન
ગોરી ગભરૂ સુંદર દીલબરના ગાને નહિં ગુલતાન
જનમ્યો તથાપિ નવ જનમ્યો, સમજી લ્યો તે હેવાન
બ્હાદુર બંકા કરતા ડંકા જે મોજી મસ્તાન–જનમી૦
ભરભર પીયાલા પી લીયો ઉડાવો રાગ રંગ
દિલબરની સાથ બાથ ભીડી ખેલો રંગ જંગ–હાં
ગુલતાન ગાન તાનમાં ભરપુર ભાગ્યવંત
અજબ રંગ અજબ રંગ રંગ રંગ રંગ–વાહ૦—

તારા— ૮

ભલે આયે હુજુર મોરે આંગનમે
ખેલો મોરે રંગીલે યહ ગુલશનમે–ભલે૦—
સેજ બીછાંઈ ફુલોંકી મોહન, ગજરા પેનાઉ મુજરા લ્યો સાજન
આવો બીઠાઉં નેનનમે–ભલે૦—

તારા— ૯

હાંરે મોરી લાગી સજનસેં લગનવા
હો લગનવા, રે લગનવા–હાંરે૦
દીયો દિલદાર તોહે સારો જોબનવા,
વાહ વાહજી વાહ વાહજી વાહ વાહજી વાહ—હાંરે૦
સમાલો નેનન અયે મોરે સાજન !

લાચાર મેં લાચાર મેં લાચાર હુ લાલ
દિલદાર મેં દિલદાર મેં દિલદાર હું યાર—હાંરે૦

રહેમતખાં— ૧૦

લંબે લંબે બાલોંપે કુરબાન જરો જાનો માલ
કાલે કાલે નેનોપે કુરબાન સલતનત કુરબાન
ગોરે ગોરે ચહેરેપર મેં વારૂં તન ધન નિસાર
ચંદ્રબદની મરગાયની બુલબુલસેં મેં હું બેજાર
કુરબાન હે કુરબાન હે જાન જરો માલ—લંબે૦

વારાંગના— ૧૧

બંસીવાલા આજો રે મારે દેશ
થારી સાંમરી સુરત પ્યારો બેસ—બંસી૦
આવન આવન કહે ગયોજી કર ગયો કોલ અનેક
ગિણુતાં ગિણુતાં ઘસ ગઈ મોરી આંગરીયારી રેખ
સાંવરીઆ, રસીલા, સલુણા
પીયાપે જીયામેં કરૂં એ નીસાર
હમતો જોગી પ્રેમ કેરે, પ્રેમ હમારો દેશ
સુધ નહીં પાઈ પીયુકી, તબ લીનો આ બેસ-થારી-બંસી૦

સરદાર— ૧૨

પ્રેમનો પ્યાલો પીએ શુદ્ધસાન તેને રહે નહિં
અજબ નીશા નસે નસે અરે હાયરે ! વ્યાપી રહી-પ્રેમનો૦
પ્યાલો પીને મદમસ્તને અલમસ્ત કાયા આ થઇ
કરૂં નહિ દુનિઆ થકી રસિયાનો ટોપ ધરી રહી-પ્રેમ૦

ધુણી લગાવી કામની ને નાથ નિરંજન નામ સહી
પ્યાલો પીને અલખ જગાવું, રસિક રસીલા તુંહી તુંહી–પ્રે૦

સરદાર— ૧૩

અરે કોણ (૨) અરે કોણ તું છું ને કયાંથી આવ્યો
આ વખતે લ્યા ચોર

વૈરી–નથી ચોર (૨) નથી ચોર તથાપિ ચોર પકડવા ત્યાગ્યો
[illegible]ર બકોર

સર—નામ પ્રકાશો કૃપા કરીને શબ્દથી કંઈ કંઈ થાય

વૈરી—ગુલાબનું ઘો નામ ગમે તે સુગંધીથી પરખાય

સર—(હેં કોણ મારા વ્હાલા. વૈરીસિંહ)
માફ માગુછું હે મન મોહન ભુલમાં બોલી કાંક

વૈરી—મદન રાજ્યમાં પ્રેમ કેદીની સઘળી તકસીર માફ
સુંદરી (૨) સુંદરી ખોયું મેં મદન બજારે સુંદર ચિત રતન
દીલદાર જુઓ મેં જાળવી રાખ્યું બહુ બહુ કરી જતન
તે મન સાથે આ મન પણ હે રમણ કરૂં અરપણ—

સરદાર— ૧૪

જાઓ જાઓ વ્હેલા થાઓ રસીક સલુણા હવે રામરામ
જરા જુઓ જુઓ જુઓ શાણી સલુણી એકવાર આમ
રસીલી છબીલી રામ રામ–જાઓ૦
પ્રેમ કમળ માંહિ કરતો ભમર આ ગુંજાર
હાયરે વિયોગ હાથી કરતો નિરાધાર
પ્રેમ રતન સોંપી કરૂં શિકકો સલુણી નામ

સરદાર—જાળવશે જગત પિતા પણ હું છું ચોકીદાર

વૈરી—(લ્યો આ રતન ને આ શિકકો) રામ રામ

સર—રામ રામ.

૧૫

મણી—કોને કહીયે કજોડાની કહાણીરે

જેમ બળદ પીલાયે ઘાણીરે—કોને૦

લોક વગોવેને સાસુ સંતાપે

વળી પીયુડો છે પામર પ્રાણીરે—કોને૦

હું જોબન રસ ઝુલતી, પણ જોડીની ખોડ

પીયુડો રમે લખોટીએ કરતો દોડા દોડ

જગદીશ! હુવે ગભરાણીરે સ્હાય કરજો શ્રી સારંગપાણીરે

૧૬

રૂપાંદે—હાય લંપટ નફટ પતિએ કરવા ધાર્યો કેર.

કરવા ધાર્યો કેર, જાણે વાળે વેર—હાય૦

જુગારે હાર્યે, દારૂ નિશાએ, કેર આ થાયે

શુ શુ જુગાર, લાખો ફિટકાર, શાણા ગમાર, બને લાચાર

નિશાથી હાય ! હજાર વાર

કદી જુગારીની યારી ન કરીયે

દારૂડીયાની દોસ્તી તજીયે

જામશે છેવટ ઝેર-વાળશે મ્હોટું વેર

૧૭

રસુલખાં—ચલો ચલો સુબા સાહેબ હાં જલદીસેં ચલો

રહેમતખાં—ચલોજી ઇશ્કકે ખાતીર મીયાં સાહેબ ચલો
કયા ઈશ્ક હય અજબ ગજબ ગજબ ગજબ
અમીર યા ફકીર સબકો લગી હય ઉસકી ઝપટ
અયે પરવર દીગાર કયા ઇશ્કકા હુયે માર
લીબાસ અમીરી છોડ લો એ બુરખેકી મઝા

૧૮

રૂપાંદે-સરદારબા—
લેલે લુચ્ચા લબાડ જોજો હીણા કંગાલ
તારા પાપે તને સપડાવ્યો
ખાડો ખોદે પડે તેમાં તેમાં તે નકકી
વાણી કાણીની માની લેવા પકકી
ધિકકાર તને કંગાળ ચંડાળ—લેલે૦

નાચનારીઓ— ૧૯
બોલો જય જય (૩) બલિહારી શ્રી બંસી ધરની-બોલો
લીલાથી લીલા ગીરધારી, ભક્તજનો ઉદ્ધારે
ચરણો રાધા રમણ તમારા, તારણ તરણ હમારે-બો૦
રાખે કાયમ સદા નરવર, ગીરધર શ્રી નટવર
પ્રજાના પાલક, છો દુખ ટાલક
નર લાયક, સુખ દાયક, જગ નાયક,
નીતિ ન્યાયે, રીતી રાહે. પાલે જગધર શ્રી નટવર-બો૦

અંક બીજો.

૨૦

સરદાર-રૂપાંદે-દાસીઓ —

વેળા ફરતી છાંયડી સુખ દુઃખ આવે જાય
લીલા શ્રી જગદીશનીરે મુરખ ગોથાં ખાય—એતો બ્હેની શું૦
વરતો સમયને વિચારીરે—હાં—સમય તણી બેની બલીહારી
કુંજે ખીલી કુસુમ કળી જે સાંજ પડે કરમાય
ચોઘડી ચળકી ચંદ્ર ગગનમાં ઝાંખો ઝટ થઈ જાય—એતોબ્હેની

૨૧

સરદાર—પ્રીતીનો પ્યાલો ખોટો પછી જે વટલાવે
બહેતર તે હરામી જગમાં ન મ્હો બતલાવે—
એકવાર કહ્યા દિલદાર, પછી તે સદાના
સાકરના હીરા ગળ્યા ગળ્યા ન થવાના—પ્રીતિ૦
પટોળીએ ભાત પડી, પડી તેતો પડી પડી
સાચી પ્રીત સમજવી જેવી એક ચુંદડી
ફાટતાં બેહાલ થતાં ભાત દીસે ખડી ખડી
પતિવૃત પટોળીએ પ્રીત ભાત તેવી પડી
કમજાત પતિવૃત રત્ન અરેરે ગુમાવે—બ્હે૦

૨૨

ખેમરાજ-રાણી—

દગો રમી દુષ્ટ ફસાવે શું આમ
આ પ્રભુનો શું ડર દીલમાં નથી, મ્હોત તને મુકનાર અરેનથી

હૈયે હરિની છે હામ—દગો
ભાઇ તમારૂં બગાડયું શું કહોને, ન્યાય અન્યાય તો તોળી
જુઓને

રાણી—સાચાનો સાહ્યક વિઘ્ન વિનાયક છે જગ નાયક
રૂહેમત—બળીઆના બે ભાગ બધે એ ન્યાયનો સાર તમામ—
પ્રેમ—બળ દીધું છે રંક બચાવવા, નહિ નિરદોષીને તે મારવા
રૂહેમત—ચલો કાકા રામ રામ—દગો

રજપુતાણીઓ— ૨૩

સત્યનો સહાયકાર શ્રી હરી થનાર
સત્યે પ્રાણ આપનાર છે અમર થનાર
ચાલો કરો યા હોમ, બ્હેનો ઝટ યા હોમ
સત્યનો સદાય જય જય જય જય
રાજ્ય ભક્તિ તારનાર વિશ્વનો સરદાર
ભક્તિ પુષ્પ વેરનાર છે પ્રભુનો યાર—ચાલો૦

૨૪

સરદાર-રૂપાંદે—
ના નહિ નહિ શીયળ રતન જીવ જતાં પણ ચુકાય ચુકાય
બાપ દાદાની નિર્મળ નામના રાજ કુમારીથી બોળાય (૨)
રે જવાના ધનને જોબન, ને રેહેવાનું શીયળ રતન
જુવતી જે કરે જતન, સતી તે સૃષ્ટિમાં ધન્ય ધન્ય
નામ તેવી શુરવીર સતીના જુઓ જુગમાં પુજાય પુજાય
લોભ માંહિલપટાઈ તજે જે શીયળ તેકુલટા શું કાય શું કાયના—

સરદાર-રૂપાંદે ૨૫

થુ થુ જારેજા ચંડાળ અરે પાપીઆ કંગાળ
અરે હીજડા હેવાન (૨) અરે હીજડા
ગુમાવ્યું નુર બાયલા, નથી નપુસક તું તો રજપુત પુત્ત
સિંહણ તે કદી આવા કુતરા જણે—થુ થુ૦

સરદાર—કુવરો— ૨૬

હાય આવ્યો કઠણુ કાળ કયાંથી, હાય ભાઇ (૨)
રાજાના થયા રંક રીબાઈ હાય ભાઈ (૨)
કેવી કર્મ ગતી છે વિચિત્ર કીધા કેદી પવિત્ર માવિત્ર-હાં
સુખ પાલમાં ફરતાં હતાં, સુતાં હતાં સુખ સેજમાં
કેદી નશીબે હા કર્યા, ભુંડા ભીખારી વેશમાં—હાં૦

૨૭

રહેમતખાં—આવો મારી રંગીલી દીલદાર
સરદાર—વાહ મારા રસીલા સરદાર
રહેમતખાં—મ્હેબુબ તુછે મ્હારી મ્હોરદાર
સરદાર—આશ પૂરે મ્હારી શ્રી કીરતાર જગ સરદાર
રહેમતખાં—પ્યારી જાન (૩)
પામ્યો પામ્યો પદમણી મજનું લયલી મસ્તાની
સફળ આ જીંદગાની આવોને
સરદાર—અધીરા થાઓછો શાને મન નહિ એમ માને
ઉતાવળે આંબા પાકે બેસોને—આવો૦

૨૮

રહેમતખાં—ઢુંઢો ઢુંઢો બદકાર નાબરકો
ઢુંઢ ફીરો તુમ સારી દુનીઆ
કરૂં એસી ખ્વારી જારી જીઆરા ખુશહો
આસમાન પાતાલ મિલા દઉ
આગ જરે તન ઝરરરર—ઢુંઢો૦
વાકી સુરતીઆં પાઉં સબ રાજ ગવાઉં
વાકો દુલહન બનાઉ પ્રીત પ્યારીસે લગાઉ
વાકી શાનપે તન ધન હૈ નિસાર—ઢુંઢો૦

૨૯

કુંવરો—અમે પણ બાપુજી ક્ષત્રીના તન
ધરમને કાજેજ છે આ જીવન
ક્ષત્રીવટ સાટે જો આવે મરણ
સમજીએ સ્વર્ગના સુખ શરણ
એમ—વાહ વાહ (૨) ક્ષત્રી તન
કુવરો—જલદીથી જીવ લે પાપી આ ઉભા જોઆ—અમે૦

૩૦

વૈરીસિંહ—અરે મળશે ક્યારે મળશે
ભોગી ભમરીને મળવાને તલશે—ભોગી૦
ભમરી લટકે જીવ આ ભટકે
ભાગ્ય શું મારૂં આફળશે—હો ભાગ્ય. ભોગી

કંચન વરણી એ મનહરણી
સાકર દુધમાંહી ભળશે—હો સાકર—ભોગી૦
રતિ રસવેલી વાવેલી વ્હેલી
જોબન રૂતુએ શું ફળશે—હો જોબન—ભોગી૦

૩૧

વૈરીસિંહ—હાય હાયરે સરદાર વિણ સુન્યકાર સૌહાથઈ ગયુ
બેભાન જાતે થઇ ગયા, પણ ભાન પ્યારીનું રહ્યું
મંગલ અને જંગલ બધું દુશ્મન અરેરે થઇ રહ્યું
આ જીવ વ્હાલી વશ થતાં બસ બસ બધું આવી ગયું.
લાગ્યો કલેજે પ્રેમ ઘા રીબાવતો તે રહી રહી
પ્યારીથી પ્યાર બાંધતાં પુરી સજા થઈ રહી
ચતુરા ચિત્ત મ્હારૂ જો ફર્યું છે
ફીકર નહિં ઠીક અમારોએ પ્રભુ છે——ચતુરા૦
વગર વાંકે વગર સમજે કફાશું
અમારે શું કહે સૌ બેવફા તું——ચતુરા૦

૩૨

સરદાર—એક ફકત તારો છે આધારરે કિરતાર મારે
ભજુ સદા સચ્ચિદાનંદ ચ્હાય તે તારે કે મારે—એ૦
મરવું છે નક્કી માનવી ફોગટ પડોછો પાપમાં
સમજુ થઈ શીદ ઉતરો સંસારના સંતાપમાં
બાંધે હુવામાં બાપડા પાપી બરફનાં માળીઆં

કાળનો ઉકળાટ થાતાં હાય વ્હેતાં ચાલીઆં
મારે તો શ્રી પ્રભુનું નામ છે સદા સાચું
પ્રભુ પ્રભુ તું ખરો ને અન્ય સર્વ છે કાચું—એક૦

સરદાર— ૩૩

મુરખ નર ખાલી ભૂલી (૨) ફોગટ ફાંફાં મારે—અરે
જેને રામ ઉગારે કહો જગતમાં કોણ તેને મારે
પાપી નર મ્હોાલે મ્હાલે (૨) પણ ચાર દીવસ
ચાલે—અરે
સારી નરસી કરણીનાં ફળ અહીં ને અહીં પ્રભુ આલે
દુરજન ઉંદર મન મ્હાલે (૨) ઝટ કાળ બિલ્લી
ઝાલે—અરે
મનની મનમાં રહી જાય લટકતાં પામર વચગાળે
ભગવત ભરૂંસો જીવ તારે (૨) આ અસત્ય
સંસારે—અરે

૩૪

વૈરીસિંહ—

કોઈ મીલાવે પ્રાણ આધાર(૨)આપું જેજે માગે આવારહો
માનુ જનમો જનમ આભાર હો (૨)
વ્હેલી ઘેલી વેલી કહે અલબેલી કયાં
અહાહાહા કે'ને એ સાહેલી કયાં
ના ના ના ના અલ્યા આતો પાંદડા

અરે હાય હાય આતો ઠગાયા
રસીલી રમણી જલદી મળજો
સલુણી સુંદરી સમજો સમજો મીલાવે૦

૩૫

સરદાર—પહેલાં ઉચારો દીલદાર નામ એકવાર શાણાસરદાર
વૈરા—(એમ કે પહેલા વ્હાલીનું નામ બોલવું પડે કે ઉંહુ એતે બોલાય)

સર—હા એકાંતમાં બોલાય)
વૈરી—(હું) રસીલી રંગીલી સરદાર સરદાર જપું સરદાર
(કેમ બોલ્યો કને બરાબર)
સર—(હાંહાં બરાબર હવે મનાવો)
વૈરી—માનો માનો મનહર માનુની
સર—ચાલો ચાલો ચિતહર ચાલોની
વૈરા—પ્રેમનો પોકાર સાંભળે સલુણી શું
સર—પ્રેમ વેદ ભેદ જાણનાર મુનીછું;
(હાંહાં લ્યો ત્યારે આ તાળી જો જો સમજશો
નહિ કે આ ખાલી તાંળી એતો પ્રેમનો કોલ)
વૈરી—(ત્યારે લ્યો અમારોએ કોલ)
ભણ્યો ભણ્યો અહા પુરો પ્રેમ પાઠ

સર—(ભણ્યા)
વૈરી—(ભણ્યો)
સર—(પુરો)
વૈરી—(પુરે પુરો)

શાબાશ સિદ્ધજી જાણ્યો પ્રેમ ગ્રંથ—અરે વા' વા'રેવા
સર—ચાલો ચતુર આમ ચાલો પ્રેમ પંથ
વૈરી—હાં ચાલો રે હા—
રાજા-રાણી-કુંવરો— ૪૨
અમે નાથ પામર પ્રાણી, વખત વહાવે આવાણી
કરણી બહુ ભુંડી કરાણી, બધી લાજ તમારે હાથ,
નામ પ્રભુનું લીધું તો નથી—
શરમાઈ આવ્યા શરણ
આ બાળરે કૃપાળ તારે ખોળે
કિરતાર અમોને ઉધાર—

અંક ત્રીજો.

દરબારીઓ— ૪૩
કરો શુક્ર દીલસે તુમ ખુદાએ દો જહાંનકા
સરતાજ એ કૈનો મકાન ઈજ્જો સાનકા
શાહ હરેક પીરોજવાં સુલતાં રસેશાદમાં
મુરાદ દીલકી લાવે બર ખુદાએ મહેરબાં
ગાવો સબ મીલ મુબારક બાદીયાં
તુમ ગાનાં તુમ ગાનાં
સબ હિલ મિલ રંગ મચાનાં
વાહ વાહ વાહ વાહ વાહ વાહ
વારાંગનાઓ— ૪૪
આઇ ગુલશનમેં બાદે બહારી, ખીલે કલીયાં ડારી ડારી

સોસન હુએ પુર ફીજાં
જાઈ જુઈ ચંપા ચંબેલી, ગુલદાવદી ગુલ અનાર,
શાદ હુએ શાદ હુએ
ગુલ ઓર બુલ બુલ સર્વઓ, કુમરી દેખ કે બાગો બહાર
દીલ મીલ બહેના માગો દોઆએ, અલ્લાહુસે દીનરાત
શાહ હમેશાં રહેશાદો ખુરમ દીન ઈદ શબ શબ બરાદ
મહેફીલ હમેશાં શાદ, શાહકા અદુ બરબાદ
ગમ હોવે દીલસે આજાદ,
દાયમ કાયમ યે જાહો હશામત દોલતો હકુમત
ગાઓ મુબારક બાદ—આઈ૦

સરદાર— ૪૫

દશા કરે તે કોઈ ન કરશે, મુરખ કરે અભિમાન
પ્રાણી બિચારૂં તુચ્છ મગતરૂં, કાળ કથા અણુજાણુ
હુંપદમાં મરઠાઇ મરે પણ, ધાર્યું કરે ભગવાન--દશા૦
નિરધનીઆ પળમાં ધનવંતા, ધની થયા લાચાર
સદા સુખી કે સદા દુઃખી, નહિ કોઈ જગમાં રહેનાર
કુંપળ હસ્તી પાન ખરતા તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે સ્હેશે આફત અપરંપાર
નામ અમર રાખે તે જુગ જુગ જનમ્યું તેજ જનાર
નાહક આકીને છોડે નીચ જન, સત સ્હાયક કિરતાર

૪૬

વૈરીસિંહ—બસકર બસકર બસકર

સરદાર—હું તો નથી ગુન્હેગાર અરે નાથ–બસકર૦

વૈરીસિંહ—નાદાન વ્યભીચારીણી, રંડા દુરાચરણી
મને ગમાર માની ઠગાઈ ચલાવી જાણી

સરદાર—ભગવત તારો આધાર
સાચાને તું સ્હાયકાર—અરે નાથ૦—બસકર

ગુરૂ—ગોપાલ— ૪૭

હાય હાય સત્યાનાશ જમો
ક્યા મૂરખા મુજને દીધો ડામ
શાહી લાવો કોઈ ઘી લાવો કોઈ
હાય હાય કાઢી નાખ્યું કામ

ગુરજી—ગુરૂજી-હા ક્યા—હા ચુપ ચુપ૦
ઝટ પેટી લઈ જાવો ગુરૂજી
લાખ્ય લાખ્ય ચાલ્યો જો હું આમ
રૂએ ચોરની મા કોઠીમાં જો જો ભાઇ તે આનું નામ

વૈરીસિંહ— ૪૮

પ્રીતિનાં પંથનોગ્રંથ ગુંથેલો, કોણ ભેદુ ભણનાર
જયાં જયાં જોઇએ ત્યાં આજ સમામાં સ્વાર્થની મારામાર
ગુલાબ ગોટા ચુંટવા ચાલ્યો, માળી કોક ગમાર
કાંટાનો ગાંઠડો બાંધીને લાવ્યો, બુડથળ તે બેસુમાર
પ્રીતિની પુષ્પની મીઠી મઝા ખુવે એમ ઘણાક ગમાર
એક વખત બની વિશ્વાસ ઘાતી, પોતે બને હુશિયાર
ખાય ખવાડે હેતથી દે તન ધનને પ્રાણ
સાચો મિત્રજ આ સમે લાખે એક સુજાણ
સંસાર વગડે સન્મિત્ર ભોમીત્રો, સોંપજો શ્રી કિરતાર—

૪૯

સરદાર—ભજી લે ભાવથી ભુંડા પ્રભુ પ્યારા

સગાને સોબતી ત્હારાં થશે ન્યારા—ભજીલે૦
જગતની જાળમાં ફુલે ફસાઇને
તપાસી જોને તું—તારાં કરમ કાળાં—ભજીલે૦
હવેલી મ્હેલને માળા ધરયાં રહેશે
ઝપાટે જમડા જ્યાં ત્યાં સગાં વ્હાલાં—ભજીલે

૫૦

સરદાર—ભાવે એક ભગવત ભજીએ, ડરીએ દીલ દુરજનથી ભાવે
અંતર જામી પામી જગ સ્વામી
જોઈ જોઇ પગ ધરીએ ડરીએ—ભાવે૦
માગીને શું માગીએ, કાળ ખલકને ખાય
શ્રી જગદીશ્વર ચરણની સાથે ઇચ્છુ રહાય
શીદ બદનામી ફોગટ લઇએ
આજ કાલ પણ મરીયે તરીયે
કાયમ ભવ જળથી—ભાવે૦

૫૧

સરદાર—જાગી ભોગી જીવડા ભગવતનું ભજન કરી લે-
ભુંડા ભમે છે ભુલીને શીદ ભ્રમણમાં—જાગી૦
ધન જાય જોબન જાય, જીવતર જાય જાય જાય
સુખ સાંસામાં ભુલે આશામાં ફસે ફાસામાં
મારૂં મારૂં કરે તેમાં તારૂ નથી તલભાર—ભુંડા૦

૫૨

તારા—નહિ આવુ કા'નરે (૨) મારે ઘેર શામળીઆ મેમાન છે
શોના રૂપાનું મારૂં બેડલું રે, વ્હાલા પાણી ભરવામાં મારૂં
દયાન છે—

રંગ રસ પ્યાલો લાલા પીતારે જાજો દોસ્તીની વ્હાલા
આ દુકાન છે.—

૫૩

સરદાર—જાણું છું એક ગાણું ભગવતનું ભજન
ઉડી જાશે હંસારે કાલે–એક૦–જાણું૦
પામર પ્રાણી સુધ બુધ આણી
ભાવે ભજો ભગવાન–ઉડી—જાણું૦

૫૪

તારા—જો મધુરી માલતી જરી વાતમાં વઢી, લાલથી લઢી
બધા—અરે વાહ વાહ વાહ
સર—નકટાને, શું કહીયે, દુર રહીયે.
બધા—આહાહાહા
તારા–અરે ઘેલી રે ઘેલી ભ્રમણામાં તું ભુલેલી મેલી મનની બનેલી
સર–જા જા જા
બબ્યું આ શું, કિયાં નાસું ગળું ફાંસું
તારા—હાંહાં અલબેલી કાયા કંચનની વેલી
સર—અરે ભગવત તું છું અબળાનો બેલી—
જુઓ સલુણી સુજાત, મુકો મરવાની વાત
લ્યો લ્યો માનો માનો માનો
સર—જા જા જા

૫૫

સંર—વૈરી–ચાલો રસીલા, છુટયા છબીલા, પ્રભુની લીલા,
વાહરે વાહ વા૦
રસીલી બાળા, સદગુણી શાળા, મોતીની માળા, વાહ૦
અનાયાસે મળી ગયા કેવા સજ્જન–અરે એતો ફળ્યું
ભગવતનું ભજન.

સજન તમારૂં હવે શરણ
મોહિની ત્હેં કીધું મનહરણ
એમ નક્કી—રસીલી૦
મગન મગન મન લગન લલના લાગી
અરપણ તન ધન રમણી મણી સુભાગી
તમારો પૂરો આભાર પ્રેમદા પ્રભુનો પાડ-
વાહ શાબાશ—ચાલો૦

૫૬

વેરી-હો ચાલો ધીરે ધીરે ધીરે ચાલો સુંદરીરે
નાજુક કાયા કામની, આ ગોરી મુખ કમળ કરમાયે-ચાલો૦
ગૌર ગુલાબી મુખડું હો જાણે પરશેવાને કાંટે ઘેર્યું
શ્વાસ સુગંધી ચાલતો, હો જાણે રસીઆ રંગે વધાવે

૫૭

સર-વૈરી—પ્રીતીનું પાન કરશું સલુણા પતિ સાથે
હજારો વાતે રહેશું સલુણીની સંગાથે
રસિક રસિલી ! પાઉં હાથે-પ્રીતી૦
વ્હાલાની વાણી સુણી દીવાની
આ જીંદગાની સોંપું સદાની
વચન મોહન ધરૂં માથે-પ્રીતિ૦
દીન દીવાળી હું ભાગ્યશાળી
રે લટકાળી રામા રસાળી
જડીયું રતન જતાં વાટે-પ્રીતિ.

૫૮

સર-વૈરી—ચાલો સૂજાણ આજે છે રંગની રેલ
રાસલા પ્રાણ સાથે કરૂં સુખ સ્હેલ
પ્રાણ પ્રિયા ઉપકાર તમારો


શ્રીહરિ સાચાને સ્હાય થનારો
લેશું શૃંગાર બગીચે વ્હાર પ્રાણ આધાર
નયન માર કામ કટાર હૈયાના હાર
પ્રાણ પ્રિયા અરે વાહ વાહરે વાહ—

૫૯

વૈરી—મોઢે મિઠું મિઠું બોલી ખાયે પુઠે ફોલી ફોલી
આવા નાદાન ચંડાળ
ભોળા જનોને ભમાવે અને સાચાને સતાવે
આવા કમજાત કંગાળ
રે કુટીલ કુજાત, તેં બોળી પેઢી સાત
તને થુ થુ થુ—મોઢે
જાફસે સોંપેલું શિર વાઢનાર વ્યંઢળ
તને છે ધિક્કાર—થુ થુ ધિક્કાર
આ ભવમાં થઈ મ્હોત સજા
પરભવમાં શું કિરતાર કરનાર—

૬૦

બધા—થયો વિજય વિજય નેકી ટેકી વિજય
વાહ વાહ—ગાઓ હળી મળી સખીઓ.
પ્રેમી પંથ, પામી કંથ, શુદ્ધ સંત ભાવથી
વિપત્તિ ખાડીને વટાવી, નેકી ટેકી નાવથી
સતીને ધન્ય, દીઠા આ દીન, મગન મન.



જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી અથવા અમદાવાદ [illegible] મળશે. માટે જેઓને [illegible] જોઈતા હોય તેઓએ [illegible] કીંમતથી મંગાવી લેવાં. વેલ્યુપેએબલ [illegible] નોટીસ [illegible] રાખવામાં આવશે નહિ.

			રૂ. આ. પા.
૧	સતી સંયુક્તા નાટકનાં ગાયનો.	(આવૃત્તી પાંચમી)	૦—૨—૦
૨	સંગીત લીલાવતી નાટકનાં ગાયનો.	,, પાંચમી)	૦—[illegible]
૩	પવિત્ર લીલાવતી નાટકનાં ગાયનો.	,, છઠ્ઠી)	૦—૨—૦
૪	સતી પાર્વતી નાટકનાં ગાયનો.	,, ત્રીજી)	૦—૨—૦
૫	[illegible]મતી નાટકના ગાયનો.	,, દશમી)	૦—૨—૦
૬	રામ વિયોગ નાટકના ગાયનો.	,, ત્રીજી)	૦—૨—૦
૭	મુનીશ્રી [illegible] સેલેક્શન નાટકનાં ગાયનો	,, [illegible])	[illegible]
૮	[illegible] નાટકનાં ગાયનો.	,, [illegible])	[illegible]—૦
૯	[illegible] નાટકના ગાયનો.	,, [illegible])	[illegible]
૧૦	[illegible] નાટકનાં ગાયનો.	,, [illegible])	[illegible]
૧૧	[illegible] નાટકનાં ગાયનો.	,, [illegible])	[illegible]
૧૨	વિજયા વિજય નાટકનાં ગાયનો.	,, [illegible])	[illegible]
૧૩	મદન મંજરી નાટકનાં ગાયનો	,, [illegible])	૦—૨—૦
૧૪	[illegible] નાટકના ગાયનો	,, [illegible])	૦—૨—૦

ઝવેરી [illegible] દલસુખરામ [illegible].

મા: દેશી નાટક સમાજના માલીક

પ્રસિદ્ધ કર્તાર,

ઠે. અમદાવાદ [illegible] પોળ.